Roll No. | | | | | | | |

Series SHC **Code No. 10**

- Please check that this question paper contains 4 printed pages.
- Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains 8 questions.
- Please write down the serial number of the question before attempting it.

GUJARATI

ગુજરાતી

Time allowed : 3 hours *Maximum Marks : 100*
સમય સીમા : 3 કલાક *કુલ અંક : 100*

વિભાગ 1

1. નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો : 10

આસ્તિકતા તર્કસાધ્ય નથી હોતી, શ્રદ્ધાસાધ્ય હોય છે. બૌદ્ધિકતા જેમ તત્ત્વ છે, તેમ શ્રદ્ધા પણ તત્ત્વ છે. જેમાં બન્ને તત્ત્વો ખૂબ વિકસ્યા હોય તેવું જીવન ધન્ય બની જાય. બૌદ્ધિકતા વિનાની શ્રદ્ધા અંધશ્રદ્ધા બની જવા સંભવ છે. અને શ્રદ્ધા વિનાની કોરી બૌદ્ધિકતા એ નાસ્તિકતા બની જતી હોય છે. આ બન્ને તત્ત્વો — બૌદ્ધિકતા અને શ્રદ્ધાનો ઉચિત સમન્વય કરવો તે કલ્યાણકારી વિવેક યોગ છે.

પ્રશ્નો :

(1) આસ્તિકતા કેવી રીતે સિદ્ધ કરી શકાય છે ?

(2) કયા બે તત્ત્વો વિકસાવવાથી જીવન ધન્ય બની શકે ?

(3) અંધશ્રદ્ધા અને નાસ્તિકતા કેવી રીતે જન્મે છે ?

(4) 'કલ્યાણકારી વિવેકયોગ' કયારે સિદ્ધ થયો કહેવાય ?

(5) પરિચ્છેદને યોગ્ય શીર્ષક આપો.

2. (અ) કોઇ પણ ***એક*** વિષય પર આશરે 250 શબ્દોમાં નિબંધ લખો : 10

(1) આતંકવાદ

(2) 'હું માનવી માનવ બનું તો ઘણું'

(3) સ્ત્રી-શક્તિનુંજ સ્વરૂપ

(4) મારી પ્રથમ અંતરીક્ષ-યાત્રા

(બ) નીચે આપેલ રૂપરેખા પરથી આશરે 150 શબ્દોમાં વાર્તા બનાવો. 8

વનરાજ સિંહ વૃદ્ધ થયો — રોજ એક પ્રાણી સ્વેચ્છાએ તેમનો શિકાર બનવા જાય — એક શિયાળનો વારો આવ્યો — મરવું ન ગમ્યું — ચાલાકી કરી — મોડું પહોંચ્યું — ગુસ્સે થયેલ વનરાજ — ધ્રૂજતું શિયાળ કહે મહારાજ રસ્તે કુવામાં બીજા વનરાજે મને રોકી લીધો' — માંડ પહોંચ્યો છું — 'કયાં છે તે દુષ્ટ, બતાવ મને', વનરાજે કહ્યું — કુવામાં પ્રતિબિંબ — ત્રાડ નાખી, ત્રાડ સંભળાઇ — કુવામાં સિંહ કૂદી પડયો — પ્રાણીઓને મુક્તિ મળી.

(ક) તમે ભણ્યા પછી ખેતીનો વ્યવસાય શા માટે કરવા માગો છો તે સમજાવતો પત્ર તમારા પિતાશ્રીને લખો. 8

અથવા

શહેરમાં ભયંકર રોગચાળો ફેલાયો છે તેથી સ્વચ્છતા અભિયાન ચલાવવા સ્વાસ્થ્યમંત્રીને અરજી લખો.

3. (અ) કૌંસમાં માગ્યા પ્રમાણે કાળ બદલાવો. (કોઈ પણ ***ચાર***) 4

(1) શહેરમાં ડેન્ગ્યૂ ફેલાયો છે. (સાદો ભૂતકાળ)

(2) આકાશમાંથી અગ્નિ વરસે છે. (ચાલુ ભૂતકાળ)

(3) હું તમારે ઘેર જ આવતો હતો. (પૂર્ણ વર્તમાનકાળ)

(4) મેં પેટ ભરીને ખાધું. (સાદો ભવિષ્યકાળ)

(5) ભીમે અટ્ટહાસ્ય કર્યું. (પૂર્ણ ભવિષ્યકાળ)

(બ) કોઈ પણ ***ચાર*** વાક્યોની રેખાંકિત શબ્દોની વિભક્તિ ઓળખાવો : 4

(1) <u>ફૂલોની</u> સુગંધ મને ગમે છે.

(2) <u>પ્યાલામાંથી</u> દૂધ ઢોળાઇ ગયું.

(3) <u>કાલિદાસે</u> નાટકો લખ્યાં છે.

(4) અમે <u>નાટક</u> જોવા જઇએ છીએ.

(5) રામે એક જ <u>તીરથી</u> રાક્ષસને મારી નાખ્યો.

(6) <u>વાટકીમાં</u> તારી છાશ રાખી છે.

(ક) કોઈ પણ ***બે*** પંક્તિના છંદ ઓળઆવો : 3

(1) વિચારતાં નેત્ર જલે ભરાય છે.

(2) ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે.

(3) ફરી પાછા ખીલા મુજ કર, અને આપ કુસપે !

(ડ) કોઈ પણ ***બે*** પંક્તિના અલંકાર ઓળખાવો : 3

(1) ન ભોમકા ગાય વસૂકી શી હો !

(2) પીગળે પીગળે પડછાયાના પ્હાડ.

(3) શિશુ સમાન ગણી સહદેવને
ખબર આ કંઈએ ન કર્યા હતા !

વિભાગ 2

4. સંદર્ભ આપી સમજાવો : (કોઈ પણ ***ત્રણ***) 10

(1) "હું તો પાણીમાં માછલી જાય એમ જઈશ."

(2) સત્યના શોધકને રજકણથી પણ નીચે રહેવું પડે છે.

(3) "ગુણિયલની દીકરી ... છેલ્લે પાટલે બેસે જ નહિ."

(4) "સતીત્વ વિનાની નારી ને યશ વિનાનો પુરુષ, બન્ને અર્ધમૃત છે."

(5) આટલી બધી કડક શિક્ષા તેને થઈ ગઈ હતી ?

5. નીચેનામાંથી કોઈ પણ ***ત્રણ*** વિશે ટૂંકનોંધ લખો : 10

(1) 'સત્યનો ગજ' માં ઝલકતું ગાંધીજીનું વ્યક્તિત્વ.

(2) 'પીઠીનું પડીકું' માં વ્યક્ત થયેલી ન્યાયતંત્રની જડતા.

(3) કર્ણની મિત્ર પ્રત્યે વફાદારી.

(4) 'ગૂંચવાયેલા વાળ' નું પ્રતીક.

(5) પંકજમ્ના જન્મની હકીકતથી નાયકના મનમાં જાગેલું મંથન.

6. કોઈ પણ ***ત્રણ*** કાવ્યપંક્તિઓ સંદર્ભ આપી સમજાવો. 10

(1) દેહમાં દેવ તું, તત્ત્વમાં તેજ તું,
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.

(2) ઇન્દ્રજાલની ભૂલવે લીલા
એવી આ સૌ સ્વર્ગ તણી સામગ્રી !

(3) ન ભોમકા ગાય વસૂકી શી હો !

(4) ફરી પાછા ખીલા મુજ કર, અને આપ કુસપે !

(5) રજની જશે ને પ્રભાત ઊજળશે,
ને સ્મિત કરશે પ્રેમાળ.

7. કોઇ પણ ***ત્રણ*** પ્રશ્નોના ટૂંકા જવાબ લખો : 10

(1) મીરાં કૃષ્ણને શી અરજ કરે છે ?

(2) 'અતિજ્ઞાન' શીર્ષકની યથાર્થતા સમજાવો.

(3) ઇસુની છબી ટિંગાડતાં કવિ શું અનુભવે છે ?

(4) 'તડકો' ના કવિને દાદાનું સ્મરણ શી રીતે થાય છે ?

(5) 'પ્રેમળ જ્યોતિ'ના કવિ ઇશ્વરને શું પ્રાર્થના કરે છે ?

8. કોઇ પણ ***એક*** લેખકનો પરિચય આશરે 200 શબ્દોમાં કરાવો : 10

(1) ગોવર્ધનરામ ત્રિપાઠી

(2) ગાંધીજી

(3) કલાપી